# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, નવીનીકરણીય ઉર્જા અને હરિત-હાઈડ્રોજન નીતિઓ રાજ્યની હરિત ભવિષ્ય માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.**
2) **કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ અધિકારીઓને પ્રજાના મિત્ર થઈને કામ કરવા અપીલ કરી.**
3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે.**
4) **નમામિ દેવી નર્મદેના નાદ સાથે ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો પ્રારંભ થયો.**
5) **માનવ ઠક્કર વિશ્વ ટેબલટેનીસ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો.**

……………………………………………………………………………………………………

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM NAVSARI SOLAR CELL-1

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું, નવીનીકરણીય ઉર્જા અને હરિત-હાઈડ્રોજન નીતિઓ રાજ્યની ગ્રીન ફ્યુચર માટેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નવસારીના દેગામ ખાતે સોલાર સેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે જણાવ્યું, રાજ્યની નવીનીકરણીય ઉર્જા ક્ષમતા દેશની કુલ નવીનીકરણીય ઉર્જા ક્ષમતાના 15 ટકા એટલે કે 32 હજાર 924 મેગાવોટ થઈ છે

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી)

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોષીએ જણાવ્યું કે વૈશ્વિક ઉર્જામાં ભારત માત્ર ભાગીદાર નહીં, પણ નેતા છે.

(બાઇટ: પ્રહલાદ જોશી – કેન્દ્રીય મંત્રી)

દરમિયાન, કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલે કહ્યું, નવસારી જિલ્લાના 600 ખેડૂતના ખેતરમાં 1100 જળસંચય સ્ટ્રક્ચર બનાવાયા છે.

(સી આર પાટીલ – કેન્દ્રીય મંત્રી)

# CM NAVSARI SOLAR CELL-2

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભરૂચના દહેજમાં રાજ્ય સરકારના સાહસ GACLના દેશના સૌથી મોટા ક્લોરોટોલ્યુન પ્લાન્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું. અંદાજે 350 કરોડ રૂપિયાના ખર્ચે સ્થાપિત આ પ્લાન્ટ અંદાજે ૧ હજાર જેટલી રોજગારીનું સર્જન કરશે. આ ઉપરાંત યુરોપ-અમેરિકા-દક્ષિણ એશિયામાં આ પ્લાન્ટના કેમિકલ્સની નિકાસ થશે.

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવીયાએ અધિકારીઓને પ્રજાના મિત્ર થઈને કામ કરવા અપીલ કરી. આજે જુનાગઢના મેંદરડા ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં શ્રી માંડવીયાએ દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, રાજ્યના વહીવટમાં પારદર્શકતા વધે તેમજ પ્રજાની રજૂઆતોના ઉકેલ માટે સેવાસેતુ મહત્વનું પ્લેટફોર્મ બને છે.

શ્રી માંડવીયા ગંગેડી આશ્રમની મુલાકાત લેશે તેમજ વંથલીના ખોરસામાં આવેલા તિરૂપતિ બાલાજી મંદિરમાં દર્શન કરશે. ઉપરાંત તેઓ મઢડા ખાતે સોનલધામ મંદિરના પણ દર્શન કરશે. સાથે જ તેઓ વંથલી માર્કેટિંગ યાર્ડ અને જુનાગઢ શહેર ભાજપ કાર્યાલયની મુલાકાત લેશે.

# JAMNAGAR - ANIMAL HUSBANDRY CAMP

કૃષિ રાજ્યમંત્રી રાઘવજી પટેલ અને સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં આજે જામનગર જિલ્લાના લતીપુર ગામે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર અને પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આ શિબિરમાં મંત્રી રાઘવજી પટેલના હસ્તે પશુપાલન ખાતાની સહાયકારી સંસ્થાઓને ૧ કરોડ ૯૬ લાખ રૂપિયા તથા પશુપાલકોને ૨ લાખથી વધુ રૂપિયાની સહાય ચૂકવાઈ હતી. આ તકે, ગૌશાળા ખાતે ૨૫ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ "કેટલ શેડ" નું લોકાર્પણ કરાયું.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, સરકારના સકારાત્મક પ્રયાસોને કારણે આજે રાજ્યમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે "શ્વેત ક્રાંતિ" થઈ છે. અને દૂધ ઉત્પાદનમાં રાજ્ય સમગ્ર દેશમાં અગ્રેસર બની રહ્યું છે.

# RAJKOT HELP LINE

રાજકોટ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા, મ્યાનમાર અને થાઇલેન્ડમાં આવેલા ભૂકંપમાં ફસાયેલા રાજકોટ જિલ્લાના લોકોની જાણકારી માટે, તંત્ર દ્વારા  હેલ્પલાઈન નંબર ૦૨૮૧- ૨૪૭૧૫૭૩ નંબર જાહેર કરવામાં આવ્યો છે, જેથી તંત્ર દ્વારા શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે.

આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઈલ એપ પર આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આકાશવાણી સમાચાર, ડીડી ન્યૂઝ, PMO, માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલો પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# IIM CONVOCATION

ભારતીય અવકાશ સંશોધન સંગઠન-ISROના પૂર્વ અધ્યક્ષ એસ.સોમનાથની અધ્યક્ષતામાં IIM અમદાવાદનો 60મો પદવીદાન સમારોહ યોજાઇ રહ્યો છે. આ સમારોહમાં વિદ્યાર્થીઓને MBA અને ડૉક્ટરેટની પદવી તેમજ ચંદ્રકો એનાયત કરાયા હતા. એસ. સોમનાથ સમારોહને સંબોધિત પણ કરશે.

# NARMADA PARIKRAMA

ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો આજથી પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ **21** કિલોમીટરની પરિક્રમા કરી ધન્યતા અનુભવી હતી. આ પરિક્રમા દરમિયાન ભક્તો માટે ભોજન, મેડિકલ સહિતની વ્યવસ્થા કરાઈ છે. નદી પાર કરવા માટે લાઈફ જેકેટ સાથે બોટની વ્યવસ્થા અને શહેરાવ ઘાટ પર સામે પાર જવા માટે 2 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે પૂલ તૈયાર થતાં શ્રદ્ધાળુઓને સરળતા રહી છે.

# TABLE TENNIS - CHENNAI

ભારતનાં માનવ ઠક્કરે ચેન્નાઈમાં રમાઈ રહેલી WTT ટેબલટેનીસ સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરીને ઈતિહાસ રચ્યો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરનાર તે પહેલો ભારતીય ખેલાડી બન્યો છે.

સ્પર્ધાની આજે રમાયેલી પુરુષોના વિભાગની સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં માનવ ઠક્કરે જર્મનીનાં આંદ્રે બર્ટેલ્સમેયરને 3-2 થી પરાજય આપીને સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

એવી જ રીતે મહિલાઓની સિંગલ્સની પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં ભારતની ક્રિત્વીકા રોયે જાપાનની નાગાસાકીને 3-0 થી પરાજય આપીને સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPLમાં આજે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી આ મેચમાં મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. આ મુકાબલો સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# CHITR-VICHITR MELO

સાબરકાંઠામાં પોશીનાના ગુણભાંખરી ગામમાં આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક માન્યતાઓનું પ્રતિનિધિત્વ કરતો ચિત્ર-વિચિત્રનો મેળો યોજાયો. જેમાં રાજ્યની સાથે રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : યોગેશ સથવારા)

સાબરમતી, આકુળ અને વ્યાકુળ ત્રિવેણી સંગમ તટે ચિત્ર-વિચિત્ર મહાદેવના સાનિધ્યમાં યોજાયેલા બે દિવસીય મેળામાં, આદિવાસી લોકો મોડી રાત સુધી ભજન તેમજ પરંપરાગત નૃત્ય કરે છે. અમાસના દિવસે વહેલી સવારથી અસ્થિ વિસર્જનની વિધી કરે છે. આ મેળામાં આદિવાસી યુવકો અને યુવતીઓ સોળે શણગાર સજીને આવે છે. તેઓ મેળામાં એકબીજાની પસંદગી કરે છે અને તેના પ્રતિક સ્વરૂપે એકબીજાને પાન ખવડાવે છે. તો બીજી તરફ મેળો માણવા આવેલા લોકોએ ઢોલના તાલે પરંપરાગત નૃત્ય કરીને, ચગડોળમાં બેસીને, ચીજ વસ્તુઓની ખરીદી કરીને મેળાનો માહોલ જમાવ્યો હતો.

# GOVERNOR VIDYAPITH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું, અતીત અને આધુનિકતાના સમન્વયથી જ ભાવિ પેઢીનું ભવ્ય નિર્માણ કરી શકાશે. અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયેલા 'વિકસિત ભારત @2047ની દિશામાં શિક્ષક શિક્ષણનું રૂપાંતરણ' વિષયક રાષ્ટ્રીય સંમેલનમાં શ્રી દેવવ્રતે આમ જણાવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ કહ્યું, ઈચ્છા અને તૃપ્તિ વચ્ચેનું અંતર શ્રેષ્ઠતાપૂર્વક પાર કરવાનું પ્રશિક્ષણ એ જ સાચી કેળવણી છે. આ પ્રસંગે વિવિધ રાજ્યોમાંથી અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી વિષય નિષ્ણાતો અને પ્રતિનિધિઓ, શિક્ષકો સહિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# VALSAD MATHS PROJECT

વલસાડના જિલ્લા કલેકટર નૈમેષ દવે દ્વારા ‘‘મોજીલુ મેથ્સ’’ પ્રોજેક્ટનો શુભારંભ કરાયો. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવમાં ગણિતનું નબળુ અને ઉત્તમ પરિણામ ધરાવનાર છ તાલુકાની 72 શાળાઓની આ પ્રોજેકટ માટે પસંદગી કરાઈ.

આ તકે જિલ્લા કલેકટર નૈમેષ દવે દ્વારા શિક્ષકોને અનુરોધ કરાયો હતો કે , “મોજીલુ મેથ્સ” પ્રોજેકટમાં તમે નોકરીના ભાગરૂપે નહીં પરંતુ સેવાના ભાવ તરીકે કામ કરશો તો, વધુ સારૂ પરિણામ મળશે.

# WATER CONNECTION

રાજ્યમાં અનુસૂચિત જાતિ-SC બહુમતી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં 100 ટકા ઘરોમાં નળ કનેક્શન અપાયું છે. ગ્રામીણ વિસ્તારોમાં 6 હજાર કિલોમીટર લાંબી પાઇપલાઇન દ્વારા 68 હજારથી વધુ ઘરોને નળથી શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થયું છે. 'નલ સે જલ' યોજના માટે રાજ્ય સરકારે 412 કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

100 ટકા નળથી જળ પુરવઠાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે, ગુજરાત સરકારે પ્રોજેક્ટના કુલ ખર્ચમાં સમાવિષ્ટ 10 ટકા સામુદાયિક ફાળો માફ કરી સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો હતો, જેથી આર્થિક રીતે નબળા પરિવારો પર કોઈ વધારાનો બોજ ન પડે અને તેઓ સ્વચ્છ પાણીની સુવિધાનો લાભ સરળતાથી મેળવી શકે.